નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરીમાં આઇ. ટી. સેલની જગ્યાઓ લંબાવવાની મંજુરી આપવા બાબત

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક:- મકમ/૧૦૨૦૧૯/૨૩૬૯૧૭/નબા/છ
સચિવાલય, ગાંધીનગર
તારીખ :-૨૩/૦૯/૨૦૨૦

**વંચાણે લીધા :-**

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા.૧૩/૦૯/૨૦૧૯ના ઠરાવ ક્રમાંક:- મકમ/૧૦૨૦૧૯/૨૩૬૯૧૭/નબા/છ

(૨) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગાંધીનગરના તા.૧૭/૦૭/૨૦૨૦ના પત્ર ક્રમાંક:- સસુખા/આઉટસોર્સ/૨૦૨૦/૬૭૦૫

**પ્રસ્તાવના :-**

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના વંચાણે લીધેલા ક્રમાંક:- (૧) પરના તા. ૧૩/૦૯/૨૦૧૯ના ઠરાવથી આઇ.ટી.સેલ માટે જરૂરી ટેકનિકલ મહેકમ મંજુર કરવા રૂ.૨.૪૦ લાખનો ખર્ચ કરવાની વહીવટી મંજુરી આપવામાં આવેલ હતી.

સદરહુ મંજુર થયેલ આઇ. ટી. સેલ માટે આઇ. ટી. કન્સલ્ટન્ટની – ૦૧(એક) જગ્યા અને ડેટા એન્ટ્રી ઓપરેટરની ૦૧ જગ્યા મળી કુલ-૦૨ નવી જગ્યા માન્ય એજન્સી મારફત આઉટસોર્સથી ભરવા માટે ચાલુ રાખવાની મુદત તા.૧૨/૦૯/૨૦૨૦ના રોજ પુરી થતી હોઈ નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગાંધીનગરના વંચાણે લીધેલા ક્રમાંક:- (૨) પરના તા.૧૭/૦૭/૨૦૨૦ના પત્રથી ઉક્ત ૦૨ જગ્યાઓની મુદત વધુ ૧૧ માસ સુધી લંબાવી આપવાની દરખાસ્ત કરવામાં આવેલ હતી. સદરહુ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ :-

નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરીના આઇ. ટી. સેલ માટે આઇ. ટી. કન્સલ્ટન્ટની – ૦૧(એક) જગ્યા અને ડેટા એન્ટ્રી ઓપરેટરની ૦૧(એક) જગ્યા મળી કુલ-૦૨(બે) જગ્યા માન્ય એજન્સી મારફત આઉટસોર્સથી ભરવા તા.૧૩/૦૯/૨૦૨૦ના રોજથી વધુ ૧૧ માસ સુધી ચાલુ રાખવાની દરખાસ્તને આથી મંજુરી આપવામાં આવે છે.

અન્ય બોલીઓ અને શરતો આ વિભાગના સરખા ક્રમાંકના તા.૧૩/૦૯/૨૦૧૯ના ઠરાવમાં જણાવ્યા પ્રમાણેની યથાવત રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૧૭/૦૯/૨૦૨૦ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જી. બી. વણઝારા)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી (સા.ન્યા) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી (ખર્ચ) નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ૧૬-ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નાણાકીય સલાહકારશ્રી (સા.ન્યા) નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી ગુજરાત, અમદાવાદ/રાજકોટ

- સેક્શન અધિકારીશ્રી છ-૧ શાખા/બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટમાં છ- શાખાના ઠરાવોની યાદીમાં સમાવિષ્ટ કરવાની વિનંતી સાથે.
- સિલેક્ટ ફાઇલ